# પ્રકરણ – ૬

## ઉપસંહાર

ગુજરાતી ભાષાસાહિત્યમાં છઠ્ઠા-સાતમા દાયકા દરમ્યાન આધુનિકતાવાદી આંદોલન ઉઠ્યું હતું. જેમાં આકાર, રચાનારીતિ અને ભાષાના સર્જનાત્મક પ્રયોગ જોવા મળે છે. આ પ્રભાવ ધીમે ધીમે ઓસરવા લાગે છે. પરંપરાગત અને પ્રયોગશીલ સાહિત્ય વચ્ચેનો અવકાશ ઓછો થતો જાય છે. આ સમયમાં ધીરેન્દ્ર મહેતા અભિવ્યક્તિની કેટલીક ભિન્ન તરાહો દ્વારા વિશિષ્ટ સાહિત્ય સર્જન કરે છે. ગુજરાતી સાહિત્યના ફલક પર ધીરેન્દ્ર મેહતાના સાહિત્યે આરંભથી જ લોકપ્રિયતા મેળવી છે. તેમનાં સાહિત્યમાં સ્વછંદી સ્વૈરવિહાર માટેનું બિનજવાબદારી પણું જોવા મળતું નથી. સાહિત્ય સર્જન તેમને મન જીવનદર્શન અને જીવન પરિવર્તનને સમજવા-સમજાવવાનું એક જવાબદારીભર્યું અસરકારક સાધન છે.

ધીરેન્દ્ર મહેતા સર્જનપ્રક્રિયા વિશે તેઓ નોંધે છે કે ‘જીવનના પ્રત્યક્ષ અને ભરપૂર અનુભવ વિના આ ભોય પર ટકવું શક્ય નથી અને અનુભવની અવેજીમાં અહી કશું જ કામ લાગતું નથી’[૧] આમ કહી શકાય કે ધીરેન્દ્ર મહેતાના સર્જનના મૂળ તેમના જીવન અનુભવમાં રહ્યાં છે. તેમના જીવનની અવિભાજ્ય અંગો સમા તેમની શારીરિક અસક્ષમતા એ આપેલો એકાંત અને કચ્છ-ભુજ પ્રદેશનું મમત્વ તેમના સર્જનમાં વણાઈ ગયેલું જોઈ શકાય છે.

આ સમયે અંગ્રેજી સાહિત્ય જગતનું એક મૂલ્યવાન વિધાન મને યાદ આવે છે. જે ધીરેન્દ્ર મહેતા જેવા સાહિત્યકાર માટે બહુધા બંધબેસતું લાગુ પડે છે. ‘When a man can observe himself suffering and is able later, to describe what he’s gone through, it means he was born for literature’ (Edoward Boardet)

એકાંત અને સામર્થ્યમાં પોતાનું નિજીત્વ ઉમેરીને જે સર્જન કરે છે તે સર્જકત્વને પામે છે. એવા સર્જકને કોઈના કશાય આધારની જરુરુ રહેતી નથી સર્જાયેલું સર્જન જ એની સાચી

ઓળખ બને છે. સમકાલીનોથી ધીરેન્દ્ર મહેતા તદ્દન ભિન્ન છે કેમ કે એમના લેખનની સામગ્રી તેમના નિજી અનુભવો, અવલોકનોમાં રહેલી સાહિત્ય ગુણ સાથેની પ્રતિબદ્ધ નિસબત છે.

ધીરેન્દ્ર મહેતા ગુજરાતી સાહિત્યના કથાસાહિત્યકાર, કવિ, વિવેચક અને સંપાદક તરીકે વિવિધ ક્ષેત્રે કાર્યરત છે. તેમના ત્રીસથી પણ વધારે પુસ્તકો પ્રકાશિત થયા છે. આ ઉપરાંત તેમની આત્મકથા અને રેખાચિત્રોના પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. સર્જનાત્મક સાહિત્યમાં એકરૂપતા પ્રવેશી ન જાય તે સંદર્ભે તેઓ સતત સભાન રહ્યા છે. તેમણે સૌથી વધુ સર્જનાત્મક કાર્ય રુચ્યું છે અને તેથી તો તેઓ સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે.

ધીરેન્દ્ર મેહતાના સાહિત્યસર્જન પર ડૉ.દર્શના ધોળકિયા કામ કરી રહ્યાં છે. તો ડૉ. સોનલ જોશી ધીરેન્દ્ર મહેતાના સાહિત્ય સર્જનમાં પરંપરાગત અને આધુનિક લેખન શૈલી પર કામ કર્યું છે. અને અત્રે મને મારા શોધનિબંધના વિષય 'ધીરેન્દ્ર મહેતાના સર્જન વિવેચન કાર્યનો સમિક્ષાત્મક અભ્યાસ' માટે જે મૂલ્યવાન તક સાંપડી તેની તારણો અને નિરિક્ષણો નીચે પ્રમાણે છે.

ગુજરાતી સાહિત્યમાં ધીરેન્દ્ર મેહતાની કથાસાહિત્ય પ્રવૃત્તિ વધુ પ્રશંસનીય છે. જેમાં તેમની આઠ નવલકથા, પાંચ લઘુનવલ અને ચાર વાર્તાસંગ્રહોનો સમાવેશ થાય છે. તેઓ નવલકથા સ્વરૂપ વિષયક સ્પષ્ટતા કરતા નોંધે છે કે, 'નવલકથા એ બૃહદ ફલક ધરાવતું યુગને આવરી લેતું, તો સાથે સાથે માનવજીવનના ઊંડાણને તાગવા મથતું અનેકધા સુસજ્જ સર્જક તેમ જ ચિંતક પ્રતિભાની જરૂરીયાત ધરાવતું સાહિત્ય સવરૂપ છે એવીને એટલી એની ગુંજાસ છે.'[૨] ધીરેન્દ્ર મહેતાની 'વલય'થી માંડીને 'છાવણી' સુધીની કૃતિઓમાં નવલકથા કહી શકાય તેવી રચનાઓ 'વલય', 'ચિહ્ન', 'ભંડારી ભવન' , 'ખોવાઈ ગયેલી વસ્તુ' અને 'છાવણી' આવી જાય છે. 'અદ્રશ્ય' અને 'આપણે લોકો' લઘુનવલ સ્વરૂપ તરફ ગતિ કરતી રચના રહી છે. ધીરેન્દ્ર મહેતાની નવલકથાઓમાં વિષયવસ્તુ અને નિરૂપણરીતિ એક નજરે જોતા સામ્યતા દ્રશ્યમાન થાય છે. મોટે ભાગે તેમના કથા સાહિત્યમાં પાત્ર કેન્દ્રી રચના જોવા મળી છે. જેમકે; 'વલય'માં ત્રિલોક, ચિહ્નમાં ઉદય, દિશાન્તરમાં નિખિલ. તેમની નવલકથામાં પ્રણયનું ઘટકની સામ્યતા જોવા મળ છે. વલય, ચિહ્ન, દિશાન્તરમાં પરણ્યો ભાવ, 'અદ્રશ્ય'માં તેનું આદ્ર રૂપ જોવા મળે છે. છતાં પણ આ કૃતિને આપણે પ્રેમકથા કહી શકતા નથી તે માત્ર વસ્તુ ઘટક રૂપે પ્રયોજાય છે તથા પાત્રોનું સ્વભાવગત લાક્ષાણિકતાનું વૈવિધ્ય જોવા મળે. ત્રિલોકની બૌદ્ધિકતા, ઉદયનું સવાભિમાનપણું, નિખિલની

સંકુલતા. તો આ પછીની કૃતિમાં સર્જકે માનવીય મનને ચૈતસિક સ્તરે નિરૂપે છે. ભંડારી ભવન અને ખોવાઈ ગયેલી વસ્તુ કૃતિમાં અનુક્રમે કુટુંબ કથા અને એક કોમની સમૂહ કથા અને છાવણીમાં એક માનવ સમૂહનીકથા મળે છે. આમ સરવાળે તો કહી શકાય કે તેમની નવલકથામાં મનુષ્યના ભિન્ન ભિન્ન સ્વરૂપની યાત્રા એકાકી મનુષ્યથી લઈને માનવ સમૂહ સુધી વિસ્તરે છે. તેમની કૃતિમાંથી પસાર થતા વસ્તુસંકલન મોટે ભાગે શિથિલતા અનુભવાય છે. તેમની કૃતિમાં નિરૂપણ રીતિ સંદર્ભે તેઓ ભિન્નતા જોવા મળે છે. જેમકે; વલય, દિશાન્તરમાં સર્વજ્ઞનું કથનકેન્દ્ર, ચિહ્ન અને છાવણીમાં 'હું'નું કથન કેન્દ્ર, તથા અદ્રશ્ય, આપણે લોકો, ખોવાઈ ગયેલી વસ્તુમાં આંતર ચેતના પ્રવાહની નિરૂપણ રીતિનો ઉપયોગ યોગ્ય બની રહે છે.

ધીરેન્દ્ર મહેતાની લઘુનવલ સ્વરૂપની પાંચ રચનાઓમઠ પસાર થતા સ્ત્રી કેન્દ્રી રચનાઓ જોવા મળે છે. દરેક પત્રોની ગતિવિધિ સતત આત્મકેન્દ્રી બની રહેતા લાગે છે. તેમની લઘુનવલ સ્વરૂપની રચનાઓમાં અતિ લાઘવ અને પ્રસંગ અને પાત્રોનું પુર્નરાવર્તન થતું રહે છે જે તેમના સર્જનની મર્યાદા બની રહે છે જેમ કે કાવેરી અને દર્પણલોક.

ધીરેન્દ્ર મહેતાની વાર્તાસૃષ્ટિમાં ચાર વાર્તા સંગ્રહોનો સમાવેશ થાય છે તેમની વાર્તાઓ પ્રયોગશીલતાના ભાર વિનાની રહી છે. વિષય વૈવિધ્ય વધુ જોવા મળે છે. આધુનિક સમયના માનવીય સંબંધો પ્રસંગ યોજના તેમની વાર્તામાં જોવા મળે છે. તેમની વાર્તાઓમાં લાઘવ ભરી લેખનરીતિ જોવા મળે છે. જેમ કે તેમની 'ફાળ' અને 'નો સર થેંક યું' જેવી વાર્તાઓ મોટે ભાગે વાર્તાઓમાં સર્વજ્ઞનો કથનકેન્દ્ર, હુનું કથનકેન્દ્ર અથવા તો ગૌણ પાત્ર ને કથક તરીકેની નિરૂપણરીતિ અખત્યાર કરી છે. તેઓ વસ્તુને જુદાં જુદાં દ્રષ્ટિકોણથી અને પાત્રોને પરિસ્થિતિમાં મૂકી વર્ણવવાનો પ્રયોગ કરતા રહે છે. મોટે ભાગે તેમની વાર્તાકળા પરંપરાગત રહી છે. તેમની વાર્તાલેખન શૈલી મહદ અંશે માંડીને કહેવાય છે. છતાં પણ આધુનિકતાના અંશો મળી આવે છે. સમ્મુખ વાર્તા સંગ્રહની વાર્તા વિશે 'રમણ સોની' નોંધે છે કે 'એમની વાર્તાઓમાં પાત્રવર્તન, સંવાદ, વાતાવરણ કશામાં બોલકાપણું નથી' પરંતુ આ વિધાન તેમની અમુક વાર્તાઓ માટે યોગ્ય બની રહે છે. તેમની કેટલી વાર્તાઓમાં પ્રતીતિજનક્તાનો અભાવ તથા વાર્તા અંત નાટ્યાત્મક બને છે. અને સંકેતો બોલકા બની જતા રચનાઓ કળાસ્વરૂપ પામતી નથી. ઘણીવાર તેમની વાર્તામાં વસ્તુનું

અલ્પત્વ દુર્બોધતા લાવે છે જેમ કે 'ફાળ', તો રચનામાં અતિ દીર્ઘતા લક્ષ્યકેન્દ્રીતા ઘુમાવે છે જેમ કે સૂરજ ની છાયા.

ધીરેન્દ્ર મહેતાના કથા સાહિત્યમાંથી પસાર થતા તેમની ભાષા શૈલીની વિશિષ્ટતા દ્રષ્ટિગત થયા વિના રહેતી નથી તેમની દ્રશ્યચિત્રો ઉપસાવવાની લાઘવકળા પ્રશંસનીય બને છે. આ ઉપરાંત સ્ત્રી કેન્દ્રી સર્જન વધુ જોવા મળે છે. તેમના સંવેદનોનું નિરૂપણ વાર્તા અને લઘુનવલ સ્વરૂપમાં છે. પરંતુ ત્યાં નારીવાદનો વિચાર રહ્યો નથી તેમની વાર્તાઓમાં બાળકથી માંડીને વૃદ્ધ સુધીના પાત્રો તથા મજૂરથી માંડીને ડોક્ટર કે અધ્યાપક સુધીના પાત્રોનું વૈવિધ્ય મળે છે. તેમના કથા સાહિત્યમાં સ્થળ, કાળ, પરિવેશ તેમના અનુભવ જગતમાંથી વર્ણવાયો છે. જેમ કે હોસ્ટેલ જીવન કચ્છ-ભૂજનો પ્રદેશ અંતે કહી શકાય કે તેમના કથા સાહિત્યમાં પસાર થતા સમસ્યારૂપ સંવેદનમાંથી જીવનવાદી દ્રષ્ટિકોણ ઉઘડે છે.

ધીરેન્દ્ર મહેતાની કાવ્યસૃષ્ટિ માંથી પસાર થતા નિજી જીવનના એકાંત, ઝંખના પ્રકૃત્તિ સાથેના સંબંધમાં દ્રષ્ટિગત થાય છે. તેમના ભૂકંપ વિષયક કાવ્યો ગુજરાતી સાહિત્યમાં તેમની પ્રતિભાને ઉપસાવે છે. તેમના કાવ્યોમાં સ્વરૂપ વૈવિધ્ય જોવા મળે છે. પરંતુ તેમના કાવ્યસર્જન અછાંદસ રચનાઓમાં લય અને દ્રશ્યચિત્રો કવિ પ્રતિભા માટે ઉપયોગી છે. આ સાથે તેમના બાળકાવ્યો સૌથી વધુ પ્રિય બની રહે છે.

ધીરેન્દ્ર મહેતાનું વિવેચન કાર્ય બહુધા નિમિત્ત કેન્દ્રી રહ્યું છે. પરંતુ તે તેમની સર્જન પ્રવૃત્તિને હંમેશા ઉપકારક બનતું જણાય છે. મોટે ભાગે પ્રત્યક્ષ વિવેચનમાં સર્જકના કર્તુત્વની શોધ જોવા મળે છે. તેમને ગુજરાતી સાહિત્યની સમકાલીન અને પુરોગામી કૃતિઓ વિશે પ્રતિભાવ, સમિક્ષા, આસ્વાદરૂપે આપતા રહ્યા છે. તો તેમના સંપાદન કાર્યની પ્રવૃત્તિમાં કચ્ચ-ભૂજ પ્રદેશના કથા સાહિત્યમાં રહેલ રસ રુચિને આભારી રહી છે. જેમાં સંપાદન કાર્યમાં તેમની એક સંશોધક તરીકેની શિસ્ત ઉઘડે છે.

આમ, ધીરેદ્ર મહેતાના સમગ્ર સાહિત્યના અવલોકન માંથી ફલિત થાય છે તેમના કથાસાહિત્યમાં ઘટના, ચરિત્ર, વાતાવરણ અને વર્ણન જેવા કથાતત્વ ને પોષક એટલે રસને ટકાવી રાખનારા તત્વોનો પરિહાર કર્યા વિના પણ તેમને મન પ્રયુક્તિ પહેલા સંવેદન રહ્યું છે તેથી તેઓ તેમના પુરોગામી, સમકાલીન અને અનુગામી લેખકો કરતા કંઇક જુદું જ વ્યક્તિત્વ ધરાવે છે તેમનું

સર્જન કેવળ પરંપરાગત ઢાંચામાં ગોઠવાઈ શકે તેમ નથી પરંતુ એમાં  કંઈક વિશિષ્ટતા નજરે પડે છે. તેમનું આંતરિક મનોબળ સૌથી પ્રથમ આકર્ષે છે.

આ શોધનિબંધના પ્રકરણમાં આલેખ્યા મુજબ સાહિત્ય ક્ષેત્રે પોતાનું પ્રદાન નોંધવાનો ઉદેશથી લેખન પ્રવૃત્તિ આદરી નથી. તેમના સાહિત્યમાં માનવીય મનની એકલતા છે અને માનવીય સંબંધોની ગૂંચને તેઓ નિરૂપવા મથ્યા છે ત્યારે જીવન પ્રત્યેની શ્રધ્ધા પણ જોવા મળે છે. આમ કહી શકાય કે સર્જકનો  દ્રષ્ટિકોણ જીવનવાદી રહ્યો છે. તેથી સમગ્ર માનવજીવનને લક્ષ્ય સ્થાને રાખી એમને વિધ વિષયોને સ્પર્શ્યા છે.

❖ ***<u>પાદનોંધ :</u>***

૧. બાતમી- ધીરેન્દ્ર મેહતા પૃ. ૬૯

૨. બાતમી- ધીરેન્દ્ર મેહતા પૃ.૮૨

૩. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકો- રમણ સોની પૃ.૪૧